# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળ દ્વારા સીધી ભરતી માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાત ક્રમાંક: ૧૬૧/૨૦૧૮૧૯, સર્વેયર, વર્ગ-૩ સંવર્ગની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તા. ૦૪/૦૪/૨૦૨૧ ના રોજ યોજવામાં આવેલ હતી. જેમાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ અને કેટેગરીવાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઇ જગ્યાઓના ત્રણ ગણા ઉમેદવારોને બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિશિયન્સી ટેસ્ટ માટે લાયક (ક્વોલીફાય) ગણવાપાત્ર કુલ - ૮૦ ઉમેદવારોની યાદી તા. ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ મંડળની વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તે યાદીમાં ઇ.ડબલ્યુ.એસ. કેટેગરીના ઉમેદવારો માટેની કુલ- ૦૪ જગ્યાઓ ( ૦૩ સામાન્ય અને ૦૧ મહિલા ઉમેદવાર માટેની) હતી. તેથી ૦૪ જગ્યાના ત્રણ ગણા પ્રમાણે કુલ- ૧૨ ઉમેદવારોને ક્વોલીફાય ગણવાના થતા હતા. પરંતુ તેમાં શરતચૂકથી ૦૪ સામાન્ય અને ૦૧ મહિલા ઉમેદવાર માટેની મળી કુલ - ૦૫ જગ્યાઓ ગણીને ત્રણ ગણા પ્રમાણે કુલ - ૧૫ ઉમેદવારોને ક્વોલીફાય ગણવામાં આવેલ છે. જેથી તા. ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ સદરહુ યાદીને રદ કરીને સુધારેલ યાદી પ્રસિદ્ધ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. જે અનુસાર સુધારેલ યાદી નીચે આપેલ લીન્ક ફાઇલ પર મૂકવામાં આવેલ છે. જે સંબંધિત ઉમેદવારોને જોઇ લેવા માટે આથી જણાવવામાં આવે છે. તા. ૦૬/૦૭/૨૦૨૧ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ યાદીમાં દર્શાવેલ કોમ્પ્યુટર પ્રોફિશિયન્સી ટેસ્ટ માટેની તારીખ તથા પરીક્ષાલક્ષી સુચનાઓ યથાવત રહેશે.

૧. જા.ક્ર. ૧૬૧/૨૦૧૮૧૯, સર્વેયર (અહીં ક્લિક કરો )

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

સ્થળ: ગાંધીનગર
તારીખ: ૦૭/૦૭/૨૦૨૧